
DATE :- 10-12-2025
DIVYA BHASKAR, PAGE-09, SURAT

ગુજરાત
દિવ્ય ભાસ્કર, સુરત, બુધવાર, 10 ડિસેમ્બર, 2025

# પહેલી વાર મેટ્રો ટ્રેન અને રેલવે સ્ટેશનને ટ્રાવેલેટરથી જોડાશે



## ગાંધીનગર મેટ્રો સ્ટેશનથી કેપિટલ રેલવે સ્ટેશન વચ્ચે 400 મીટરનો મૂવિંગ વોકવે

**ઓમકારસિંહ ઠાકુર |** ગાંધીનગર મેટ્રો સ્ટેશનને 400 મીટર અંતરે આવેલા ગાંધીનગર કેપિટલ સ્ટેશન સાથે ટ્રાવેલેટરથી જોડાશે. હાલમાં ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા 35 કરોડના ખર્ચે ટ્રાવેલટર લગાવવાની કામગીરી ચાલી રહી છે, જેમાં અપ અને ડાઉન બંને દિશામાં ટ્રાવેલેટર લગાવવાની સાથે તેની બંને બાજુએ લોકો ફૂટઓવર બ્રિજ પર ચાલીને પણ જઈ શકશે. હાલ મોટી સંખ્યામાં અમદાવાદથી દરરોજ મોટી સંખ્યામાં લોકો સચિવાલય અને અક્ષરધામ મંદિરે આવતા હોય છે.

### કેપિટલ સ્ટેશનથી 26 ટ્રેનનું સંચાલન, અમદાવાદીઓને ફાયદો

▪ ગાંધીનગર કેપિટલ - મુંબઈ વંદે ભારત એક્સપ્રેસ ▪ બાંદ્રા ગરીબ રથ એક્સપ્રેસ ▪ ગાંધીનગર - દૌલતપુર એક્સપ્રેસ ▪ સાબરમતી જમ્મુતાવી એક્સપ્રેસ ▪ યોગનગરી એક્સપ્રેસ ▪ ગાંધીનગર - વેરાવળ સોમનાથ એક્સપ્રેસ ▪ ગાંધીનગર - વરેઠા મેમુ ▪ ગાંધીનગર - વારાણસી એક્સપ્રેસ ▪ ગાંધીનગર - વેરાવળ ઈન્ટરસિટી એક્સપ્રેસ ▪ ગાંધીનગર - ઈન્દોર શાંતિ એક્સપ્રેસ ▪ વડનગર - વલસાડ એક્સપ્રેસ ▪ ભાવનગર એક્સપ્રેસ ▪ દિલ્હી સરાય રોહિલ્લા ગરીબ રથ એક્સપ્રેસ

**ઉત્તરાયણ પછી મહાત્મા મંદિર સુધી મેટ્રો દોડાવાશે** અમદાવાદ મેટ્રો ફેઝ-2માં હાલ સચિવાલયથી મહાત્મા મંદિર સુધીના રૂટની તેમ જ વચ્ચે આવતાં તમામ પાંચ સ્ટેશનનું કામ પૂરું થઈ ગયું છે. હાલ કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટી (સીએમઆરએસ) દ્વારા નિરીક્ષણ કાર્ય પૂરું કરાયું છે. 14 જાન્યુઆરી બાદ જાન્યુઆરીના ત્રીજા કે ચોથા સપ્તાહમાં મેટ્રોનું સંચાલન મહાત્મા મંદિર સુધી લોકો માટે શરૂ કરી દેવામાં આવી શકે છે.